**CRMA J No. 13073-2026**

**<u>રાંદેર પોલિસ સ્ટેશન ,પાર્ટ–એ, ગુના રજી. નં. ૧૧૨૧૦૦૫૦૨૬૧૧૬૭/૨૦૨૬, BNS ની કલમ– ૩૦૫(એ), ૩૩૧(૩)(૪) મુજબના ગુનાના કામે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરની જામીન અરજી લગત હુકમ :–</u>**

(૧) અરજદારના વિ.વ.શ્રી. તથા એ.પી.પી.શ્રી ને સાંભળ્યા હાલની અરજીની હકીકત ધ્યાને લીધી તેમજ F.I.R. વંચાણે લીધી.

(૨) હાલની અરજી કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરના વાલી ધ્વારા જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૧૨ મુજબ આપેલ છે સાથો સાથ એવી પણ રજુઆત કરેલ છે કે, તેઓ કિશોરને સારી રીતે રાખશે અને આવા કોઈ કાયદાના સંઘર્ષમાં આવશે નહી તેની કાળજી લેશે. તેમજ કોર્ટ જે ફરમાવશે તે શરતોનું પાલન કરવા તૈયાર છે. જેથી યોગ્ય રકમના જામીન ઉપર કિશોરને મુકત કરવા અરજ કરેલ છે. એ.પી.પી.શ્રી ધ્વારા યોગ્ય હુકમ કરવા શેરો કરેલ છે.

(૩) જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૧૨ ની જોગવાઈઓ જોવામાં આવે તો તેમાં જણાવેલ છે કે, જયારે કોઈ સગીર વયની વ્યકિત સામે જામીનપાત્ર કે બિનજામીનપાત્ર ગુનો કર્યાના આક્ષેપો હોય અને બોર્ડ સમક્ષ હાજર થયેલ હોય કે લાવવામાં આવેલ હોય તો કિ.પ્રો. કોડ–૧૯૭૩ અથવા જે તે વખતે અમલમાં રહેલ કોઈપણ કાયદામાં કોઈ પણ સમાવિષ્ટ હોય તે છતાં, જામીન લીધા પછી અથવા જામીન લીધા વીના જામીન મુકત કરવાના રહેશે. સિવાય કે તેવી વ્યકિતને મુકત કરવાથી કે કોઈ જાણીતા ગુનામાં સંડોવાઈ શકે છે અથવા તેને કોઈ નૈતિક, શારિરીક અથવા મનોવૈજ્ઞાનિક જોખમ તરફ પ્રેરાઈ શકે છે અથવા તો તેને મુકત કરવાથી કાયદાનો હેતુ જાળવી શકાય નહી. તો જ તેને મુકત કરવામાં આવશે નહી.

(૪) આમ, જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૧૨ ની જોગવાઈઓ ધ્યાને લેતાં કલમમાં જણાવેલ અપવાદોમાં હાલના સંજોગોનો સમાવેશ થતો નથી. વળી, આ કાયદાની જોગવાઈઓ મુજબ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે કેસના ગુણદોષ કરતા બાળકનું હિત ધ્યાને લેવાનું રહે છે. જામીનના તબકકે માત્ર એટલું જ જોવાનું રહે છે કે, આવી મુકિત કિશોરને ફરીથી કાયદાના સંઘર્ષમાં લાવશે કે કેમ? આ કામે કિશોરના વાલી તેને શારિરીક, માનસિક તેમજ મનોવૈજ્ઞાનિક રીતે જોખમ ઉભુ ન થાય તેની કાળજી લેશે કે કેમ? આ કામે કિશોરના વાલી તેની યોગ્ય સંભાળ રાખવાની તૈયારી બતાવી છે. વળી, હાલના કામના કિશોર કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતો હોય તેવી પણ કોઈ રજુઆત નથી. આમ, અરજીની હકીકતો, ગુનાની ગંભીરતા તેમજ અન્ય પરિબળો સાથે જુવેનાઈલ જસ્ટીસ એકટનો ઉદેશ્ય મુજબ જુવેનાઈલનું હિત કેન્દ્ર સ્થાને રાખતા અને તેના ભાવી વિકાસ ધ્યાને રાખતા કિશોરને અવલોકન ગૃહમાં ન રાખી શરતોને આધિન તેના વાલીપણામાં પુન:સ્થાપિત કરવામાં આવે તો આ કાયદાનો ઉદેશ્ય તેમજ સગીરનું હિત જળવાઈ આવે છે. આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

(૧) હાલની અરજીને શરતોને આધીન મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરના વાલી(અરજદાર), **<u>XXXXXXXXXXX,</u>** નાઓએ રુપિયા ૨૫૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા રજુ કર્યેથી આ ગુનાના કામે કિશોરને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરી તેના વાલીપણામાં પુન:સ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: શરતો :–</u>**

(૧) વાલીએ (અરજદારે) સગીર અન્ય કોઈપણ ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાય નહી તેની પુરતી કાળજી રાખવી.

(૨) વાલીએ (અરજદારે)પોતે તથા આ કામના કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને આ ગુનાની ટ્રાયલ સમયે નિયમિત બોર્ડ સમક્ષ હાજર રાખવાના રહેશે.

(૩) વાલીએ (અરજદારે) કે કિશોરે પ્રોબેશન ઓફિસર રૂબરૂ જે સરનામુ જણાવે છે તે સરનામામાં આ બોર્ડની પરવાનગી વિના ફેરફાર કરવાનો નહિ અને ફેરફાર થાય તો તે અંગે અચુક બોર્ડને જાણ કરવી.

(૪) વાલીએ (અરજદારે) કિશોરના વર્તન અને વતુર્ણક ઉપર પુરતુ ધ્યાન અને નિયંત્રણ રાખવું.

(૫) વાલીએ (અરજદારે)હાલનો કિશોર પ્રમાણિકતા પૂર્વકનું જીવન જીવે તે માટે પુરતી કાળજી/તકેદારી રાખવી.

હુકમ **આજરોજ બોર્ડની કાર્યવાહીમાં વાંચી, વંચાવી, સંભળાવી જાહેર કર્યો.**

**સ્થળ: સુરત.**
**તારીખ: ૦૬–૦૮–૨૦૨૬**

**શ્રી, કે.વી.પાઠક**
**પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટ,**
**જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, સુરત**

**સભ્યશ્રી,**

**શ્રીમતી એ.એમ. મહીડા**
**જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, સુરત.**

**સભ્યશ્રી,**

**શ્રી પી.એમ.કાંકડીયા**
**જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, સુરત.**